## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ના સાહેબ... યોગ નથી કરી રહ્યા... એ તો અઠવાડીયાથી કચરાની વાન નથી આવીને !!

# કલોલની પ્રાથમિક શાળા લિમ્કા બુક ઓફ રેકોર્ડ્ઝમાં

## મારૂ બાળક વાંચનથી નબળુ નહિ પણ વાંચન થકી વૈચારિક ક્રાંતિનું વાહક બને એ સ્વપ્ન છે : પ્રીતિ ગાંધી

ગાંધીનગર, તા. ૨૩

મારા બાળકની જ્ઞાનભૂખને સંતોષવા મારે તેને ઈતર વાંચનથી તરબતર બનાવી વૈચારિક ક્રાંતિનું વાહક બનાવવાની અખૂટ શ્રદ્ધા સાથે કલોલ શહેરની એક નાની પ્રાથમિક શાળાના આચાર્યા પ્રીતિ ગાંધીએ વાંચન માટે બાળકોને એટલુ તો ઘેલુ લગાડ્યુ છે કે તેની આ સિદ્ધિની નોંધ એશિયા બુક ઓફ રેકર્ડઝ અને લિમ્કા બુક રેકર્ડઝમાં સ્થાન પામેલ છે.






શ્રદ્ધા સબુરી ને સાર્થક કરતી આ વાત પ્રીતિબેન કરતાં કહે છે કે હું માંડવી-કચ્છની મૂળ વતની છુ. મારા પિતાએ મને સ્કૂલમાં જવા માટે એક સરસ બેગ લઈ આપી હતી. જે ચોમાસામાં મારા પુસ્તકોનું રક્ષણ કરતી હતી. બસ આ પછી મેં પણ બાળકોને આવી જ પેટીમાં સરસ્વતી પૂજનના ભાગરૂપે વાંચન યજ્ઞ શરૂ કરવાનો સંકલ્પ કર્યો.

આ સંકલ્પ પણ એટલા માટે લીધો કે કલોલ શહેરની ૯ નંબરની શાળા ગુણોત્સવમાં વાંચન-લેખન-ગણનમાં ડી ગ્રેડ મેળવ્યો હતો અને એચ.ટાટની પરીક્ષા સફળતાપૂર્વક પસાર કરતાં મને આ શાળાનો ચાર્જ સોંપાયો.

બાળક વાંચન કરે એટલુ જ નહિ અર્થ ગ્રહણમુક્ત વાંચી શકતા ન હતા આ પડકારે મને પ્રેરણા આપી અને મેં ગ્રંથ મંદિર પ્રોજેક્ટને સાત જુદા જુદા ભાગોમાં વહેંચી તેનો પ્રારંભ કર્યો.

મને આજે આનંદ એ વાતનો છે કે મારૂ બાળક વાંચે છે એટલુ જ નહિ એ લેખન અને ગણનમાં પણ શ્રેષ્ઠત્તમ બન્યો અને મારી શાળા એ ગ્રેડમાં ગુણોત્સવ-૬ના પરિણામમાં આવી છે.




ગ્રંથ મંદિર પ્રોજેક્ટ આમ તો તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ મને સૂચવેલુ નામ છે. મેં તો લીટલ લાયબ્રેરી નામ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. જેમાં બાળકને દરેક માસની ૧ થી ૬ તારીખ સુધીમાં અમે ૨૦ પુસ્તકોની એક બેગ તેના ગૃહવાંચન માટે આપતા હતા.

"વાંચે ગુજરાત" અભિયાન દરમ્યાન તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને મળવાનું થયુ તેમને મેં મારી પ્રોજેક્ટ વિશેની વાત કરી ખુબ પ્રભાવિત થઈ તેમણે આ પ્રોજેક્ટનું નામ ગ્રંથમંદિર આપવા સૂચવ્યુ. મેં ગ્રંથ મંદિર નામ સ્વીકારી લીધુ.

૨૦ પુસ્તકો ધરાવતુ આ ગ્રંથમંદિર લઈ બાળક ઘરે તેના અભ્યાસ ઉપરાંતનું ઈતર વાંચન, સંદર્ભ વાંચન કરે તે હેતુ હતો. ૩૦ પેટીથી શરૂ કરેલો આ પ્રોજેક્ટ આજે ૨૦૦ થી વધુ ગ્રંથમંદિર ધરાવતો પ્રોજેક્ટ બની ચુક્યો છે. ૭૦૦૦થી વધુ પુસ્તકો આ ગ્રંથ મંદિરમાં છે.

આ ગ્રંથ મંદિર પ્રોજેક્ટની સાથે સાથે મારી શાળામાં ખુશી રીડીંગ ગાર્ડન બનાવ્યુ તો તો ધો. ૩ થી ૫ ના બાળકો માટે વાંચન પરબ બનાવી શિવાંગી રિડીંગ કોર્નર પણ સપ્તાહમાં એક વખત શરૂ કર્યો. આ સાથે સફળતા મળતાં જ બાળકોની વાંચન ભૂખ વધી ગઈ અને એટલે ઈ.બુક પ્રોજેક્ટ તેમજ વિજ્ઞાન વિષયના જાહેરમાં બાળકો દ્વારા શિક્ષકોની હાજરીમાં પ્રયોગો કરવાના પણ શરૂ કર્યા.

● અનુસંધાન પાના - ૭ પર

# શહેરના શાકમાર્કેટમાં રાત્રે શાકભાજી ખરીદવા નાગરીકોની ભારે ભીડ

## મોંઘા શાકભાજીમાં રાત્રે ભાવ ઘટાડો જોવા મળે છે

ગાંધીનગર, તા. ૨૩

શહેરના શાકમાર્કેટમાં રાત્રીના ૮ થી ૯ વાગ્યાના અરસામાં ગ્રાહકોની ભારે ભીડ જોવા મળે છે. અત્યારે શાકબજારમાં તેજી હોવાથી શાકના ભાવ આસમાનને આંબે છે. શહેરના કેટલાક નાગરીકોને મોંઘુ શાક પોસાય તેમ નથી ત્યારે શાકના વેપારીઓ રાત્રીના સમયમાં શાકનો ભાવ ઘરે જવાનું હોવાથી અડધો કરી દેતા હોય છે. જેને પગલે નાગરીકો મોડી સાંજ સુધી શાક ખરીદવા બજારમાં રહેતા હોવાથી શાકમાર્કેટ મોડીરાત સુધી ધમધમતા જોવા મળે છે.

મોંઘવારી દિન પ્રતિદિન માઝા મુકી રહી છે. અનાજ, કઠોળ, કરિયાણાની ચીજવસ્તુ સહિત શાકભાજીના ભાવમાં ભડકો જોવા મળી રહ્યો છે. તંત્ર સદંતર ભાવ નિયંત્રણ કરવામાં નિષ્ફળ નિવડ્યું છે. ત્યારે શાકભાજીના ભાવ સાંભળી ગૃહિણીઆની આંખમાં આંસુ આવી જાય છે. શાકભાજીના ભાવમાં તેજીએ ગૃહિણીઓના રસોડાનું બજેટ ખોરવી દીધુ છે. નાગરીકોની થાળીમાં પિરસાતા સ્વાદીષ્ટ અને ચટાકેદાર શાક ગાયબ થઈ ગયા છે. હોટલ, રેસ્ટોરન્ટ, અને ટીફીન સેવામાં ગ્રાહકોને પિરસવામાં આવતા વિવિધ શાકને બદલે બજારમાં જે શાકનો ભાવ ઓછો હોય છે એ જ શાક ગ્રાહકોની થાળીમાં જોવા મળે છે. નગરના બજારમાં શાકના ભાવ સાંભળતા જ શાકભાજી ફીક્કી લાગવા માંડે છે.

ખેડુતો પાસેથી શાક સસ્તા ભાવે ખરીદીને વેપારીઓ પોતાનો તગડો નફો રળતા ગ્રાહક સુધી શાકનો ભાવ આસમાનને આંબે છે. ત્યારે શહેરના શાકમાર્કેટમાં રાત્રીના સમયે શાકના ભાવમાં ૫૦ ટકા ફેર પડતો હોવાથી નાગરીકો મોડીરાત્રે ખરીદી કરવા જાય છે.શાકભાજીના વેપારીઓ સવારથી સાંજ સુધીમાં મુડી અને નફો રળી લેતા હોય છે. ત્યારબાદ જે શાકનો જથ્થો વધ્યો હોય તે વેપારીનો વધારાનો નફો હોય છે. વેપારીને આખા દિવસની રઝળપાટ દરમિયાન ઘરે જવાનું હોવાથી જે શાકનો જથ્થો વધ્યો હોય તેમાં ૫૦ ટકા ઘટાડો કરીને વેચાણ કરીને ઘરે જતા હોય છે. જેને પગલે શાકમાર્કેટમાં મોંઘા શાકભાજી રાત્રીના ૮થી ૯ ના અરસામાં સસ્તા પડતા હોવાથી શાકબજારમાં રાત સુધી ધમધમતા જોવા મળે છે.

# ભાજપે શિક્ષણને ધંધો બનાવતાં શિક્ષણ સંસ્થાઓ દુષ્કર્મનાં અડ્ડા બની રહી છે

## ભાજપની બજારીકરણની નીતિનાં કારણે દુષ્કર્મ - બળાત્કાર, છેડતી, અભદ્ર પત્રવ્યવહાર જેવા વિભાગો શરૂ કરાય તો નવાઈ નહીં : ડૉ. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજ્યમાં ભાજપ દ્વારા શિક્ષણના કરાયેલા વેપારીકરણનાં કારણે શાળા-કોલેજો તેમજ યુનિવર્સિટીઓ દુષ્કર્મનાં અડ્ડાઓ બની રહી હોવાનો આરોપ મુકતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ભાજપ સરકાર છેડતી, પ્રેમપત્રો, બળાત્કાર જેવી ઘટનાઓને નજર અંદાજ કરી શિક્ષણમાં વિકાસનાં ગાણાં ગાઈ રહી છે તે ગુજરાતનાં ગૌરવ માટે દુર્ભાગ્યપૂર્ણ છે.

કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, પારૂલ યુનિવર્સિટીની જઘન્ય ઘટનાએ ભાજપની શિક્ષણનાં વેપારીકરણની નીતિની પોલ ખોલી નાંખી છે. આ યુનિવર્સિટીને આ વર્ષે મેડીકલ કોલેજની મંજૂરી આપનાર ભાજપ સરકારે તે મંજૂરી રદ્દ કરવા સાથે આ યુનિવર્સિટીની માન્યતા જ રદ્દ કરવા યુદ્ધના ધોરણે પગલાં ભરવાં જોઈએ. પરંતુ તેમ કરવામાં પારોઠનાં પગલાં ભરી રહેલી ભાજપ સરકારને માત્ર અને માત્ર શિક્ષણના બજારીકરણથી થતી ધીકતી કમાણી કરવામાં જ રસ છે. ભાજપે શિક્ષણને ધંધો બનાવી દઈ ઉત્સવો અને ઉજવણીનાં તાયફાઓ પાછળ નાણાં અને સંશાધનોનો ખૂલ્લેઆમ ધુમાડો કરતાં ગુજરાત મોડેલનાં શિક્ષણ ક્ષેત્રમાં ગુણવત્તાનું નામોનિશાન જ રહ્યું નથી. ભાજપે ગુજરાતમાં શિક્ષણનું એટલી હદે અધઃપતન કરી નાંખ્યું છે કે હવે શાળા-કોલેજો અને યુનિવર્સિટીઓ દુષ્કર્મનાં અડ્ડાઓ બની રહી છે.

ગુજરાતમાં ભાજપ સરકાર શિક્ષણના દિન-પ્રતિદિન કથળી રહેલાં સ્તરને નજરઅંદાજ કરી વિકાસનાં પોકળ ગાણાં ગાઈ રહી છે. પરિણામે ભાજપ સરકાર શૈક્ષણિક સંસ્થાઓમાં બળાત્કાર - દુષ્કર્મ વિભાગ, છેડતી શાખા, અભદ્ર પત્રવ્યવહાર કોર્સ જેવાં નવાં કાર્યક્રમો આપે તો નવાઈ નહીં હોય...! શાળા-કોલેજો તેમજ યુનિવર્સિટીઓને મનફાવે તેમ મર્જ કે છુટી કરતી ભાજપ સરકારનાં રાજમાં શિક્ષણનાં ઉદ્ધારની કોઈ જ અપેક્ષા રખાય તેમ નથી. જેનાં કારણે વિદ્યાથીઓ-વાલીઓ અને શિક્ષકો - પ્રાધ્યાપકોની અવદશા વચ્ચે ભાજપનાં મળતીયાઓ દુષ્કર્મ સહિતનાં ધંધા કરી સરસ્વતી માતાનાં મંદિરને અભડાવી રહ્યા છે. ભાજપનાં અચ્છે દિનમાં શિક્ષણની ગુણવત્તા કે નીતિમત્તા નામ માત્રની બચી નથી ત્યારે પારૂલ યુનિવર્સિટી સહિત દુષ્કર્મમાં પાટણથી વાઘોડીયા સુદીનાં લાંછનકારો સામે પગલાં ભરી નહીં શકનાર શિક્ષણ મંત્રીએ તત્કાલીક રાજીનામું આપી દેવું જોઈએ.

## માનવ વિકાસ પરિષદની ૨૫મીએ વાર્ષિક સભા

ગાંધીનગર, તા.૨૩

અખિલ ભારત અનુસૂચિત જાતિ-જનજાતિ માનવ વિકાસ પરિષદની ૨૦૧૫-૧૬ની અગિયારમા વર્ષની વાર્ષિક સાધારણ સભા તા. ૨૫મી જુન શનિવારના રોજ બપોરે ત્રણ વાગે ટ્રસ્ટના કાર્યાલય ગોકુલ, પ્લોટ નં. ૧૭૫૭/૨, સે-૨-ડી, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે તેમ પ્રમુખ શ્રી કનુભાઈ પરમાર-માનવ વિકાસ પરિષદે જણાવેલ છે.

## વડોદરામાં બ્રહ્મસમાજનું જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૨૩

શ્રી ચાણકય સેવા ટ્રસ્ટ અને વડોદરા જિલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના ઉપક્રમે આગામી તા. ૧૧મી ડિસમ્બરના રોજ વડોદરા ખાતે ૪૭મું જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં ભાગ લેવા માટે વિના મૂલ્યે ઉમેદવારી નોંધાવી શકાશે. આ અંગેની વધુ માહિતી મેળવવા ઈચ્છુકોએ અશોકભાઈ જોષી મો.નં. ૯૪૨૮૧૬૭૯૨૬ અને ચંદ્રેશભાઈ ક્ષેત્રીય મો.નં. ૯૪૨૪૫૦૩૫૭૯ ઉપર સપંર્ક કરવા જણાવાયું છે.



સરગાસણ પ્રાથમિક શાળા ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ હતી. આ ઉજવણીમાં શાળાના આચાર્ય સ્તુતિબેન જોશી સહિત સમગ્ર કર્મચારી ગણે ભાગ લઈ બાળકોને યોગ નિદર્શન કર્યુ હતું.

# વાસણા-હડમતિયામાંથી એડીસ મચ્છરોના મોટા પ્રમાણમાં પોરા મળ્યા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર નજીક આવેલ વાસણા-હડમતિયા ગામે આવેલ શ્રીરંગપાર્ક સોસાયટીની હદમાંથી આજે મોટી સંખ્યામાં ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના પોરા મળી આવતાં તંત્રએ તાત્કાલિક પગલાં લીધા હતા.

જિલ્લા મેલેરીયા તંત્ર દ્વારા ૧૫ દિવસ પહેલાં તમામ કન્ટ્રક્શન સાઈટોને પોરાનાશક કામગીરી કરવા માટેની સૂચનાઓ આપતા પત્રો પાઠવ્યા હતા તેમજ ગત સપ્તાહે પુનઃ આ અંગેના સ્મૃતિ પત્રો પણ લખ્યા હતા.

આજે તંત્રની ટીમે શહેર નજીકના ગ્રામ્ય વિસ્તારો સરગાસણ, વાસણા હડમતિયા, વાવોલ અને કુડાસણની સાઈટો પર ચકાસણીની કામગીરી હાથ ધરી હતી. ૧૫ થી પણ વધુ કન્સ્ટ્રક્શન સાઈટો પર આ ચકાસણી હાથ ધરવામાં આવી હતી. મળતી વિગતો પ્રમાણે વાસણા હડમતિયા ખાતે શ્રીરંગ પાર્કમાં મચ્છરોના પોરા મળી આવ્યા હતા. જો કે આ પોરા મળતાં જ સાઈટ સંચાલકો દ્વારા તાત્કાલિક પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી હતી.

દરમ્યાન આજે જિલ્લા મેલેરિયા તંત્રએ આ ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી ૭૦ થી વધુ સોસાયટીઓના પ્રમુખોને એક પત્ર લખી મેલેરિયા સામે જાગૃતિ દાખવવા જણાવતાં તેમને નજીકના મેડીકલ ઓફિસરનો ટેલિફોન નંબર, મેલેરિયા કર્મચારીનો નંબર નામ સહિતની વિગતો આપી જાગૃતિ માટે શું કરવુ શુ ના કરવુ તેની જાણકારી આપી છે. આ પત્રમાં તંત્રએ મેલેરિયા માટે સમયસરની સારવારનો આગ્રહ સેવી જણાવ્યુ છે કે કુલરોનો ઉપયોગ બંધ કર્યો હોય તો તેની સફાઈ કરવી, ચકલુડિયાઓની પણ સફાઈ કરી લેવી તેમજ ધાબાઓની સફાઈ કરી પાણીનો ભરાવો ના થાય તેની કાળજી રાખવા જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે આ વખતે પણ તંત્ર દ્વારા શાળાના બાળકોમાં મેલેરિયા સામેની જાગૃતિ અભિયાન માટે પોરા શોધક સ્પર્ધા યોજવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

તંત્ર દ્વારા આ વખતે મેલેરિયા સામે મચ્છરદાનીને પણ દવાયુક્ત કરી આપવાનું અભિયાન હાથ ધરવા માટેનું આયોજન આખરી કરી લીધુ છે.

# ચારુસત ચાંગાની નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ ચિલ્ડ્રન યુનિવર્સિટીની મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૩

ચારુસત ચાંગાની મણિકાકા ટોપાવાળા ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સીંગના ૬૦ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની કાર્યપદ્ધતિ અને તપોવન સંશોધન કેન્દ્રમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે જાણકારી મેળવી હતી.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માર્ગદર્શક જ્યોતિબહેન થાનકીએ આ પ્રસંગે શ્રેષ્ઠ સંતાન પ્રાપ્તિના સામાજિક અને આધ્યાત્મિક પાસાઓ વિશે તથા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ દિવ્યાંશુભાઈ દવેએ તેના વૈજ્ઞાનિક પાસાઓ વિશે વિદ્યાર્થીઓને ઉદાહરણ સાથે સમજુતી આપી હતી, જેમાં વારસાગત સંસ્કારો, વાતાવરણના સંસ્કારો તથા પૂર્વજન્મના સંસ્કાર વિશે માર્ગદર્શન આપ્યું હતું. આસી. પ્રોફેસર ડૉ. અશોકભાઈ પ્રજાપતિએ તપોવન સંશોધન કેન્દ્રમાં આવતી સગર્ભા બહેનોના માનસિક સ્વાસ્થ્ય અંગેના સંશોધન કાર્યની રૂપરેખા આપી હતી.

તમામ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પરિસરમાં ચાલતા તપોવન સંશોધન કેન્દ્રની પ્રત્યક્ષ મુલાકાત લઈ ગર્ભધ્યાન, ગર્ભસંવાદ, સંગીત જેવી પ્રવૃત્તિઓ નિહાળી હતી. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ દિવ્યાંશુભાઈ દવેએ લીધેલા વૈદિક ગણિતના વર્ગથી પણ તેઓ પ્રભાવિત થયા હતા. ત્યાર બાદ તપોવન પ્રકલ્પની પ્રવૃત્તિને લગતુ પ્રદર્શન સૌએ નિહાળ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તપોવન પ્રકલ્પના પ્રાંત સંયોજક તર્પણા વ્યાસે કર્યું હતું.

આ મુલાકાત કાર્યક્રમમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર કમલામણિબહેન રાવ તથા ખાસ ફરજ પરના અધિકારી ડૉ. મેહુલભાઈ વ્યાસે ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહિત કર્યા હતા.



કલોલ સ્થિત કલોલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે મિડીએશન જાગૃતતા કાર્યક્રમ યોજાયો હતો. તેમાં જિલ્લા તેમજ તાલુકા લેવલના ન્યાયાધીશો વકીલ મિત્રો અને પેરા લીગલ વૉલન્ટર્સ, નગરજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં મિડિયેશન અવેરનેશ અંગે માર્ગદર્શન અને માહિતી આપવામાં આવી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ગાંધીનગર ખાતે ૨૫મીએ રેવન્યુ લોઝ એન્ડ લીટીગેશન પ્રોસેસ સ્ટેટ લેવલ કોન્ફરન્સ

ગાંધીનગર, તા. ૨૩

રાજ્ય સરકારના તકેદારી આયોગ દ્વારા ગાંધીનગર ખાતે ૨૫મી જૂનના રોજ રેવન્યુ લોઝ એન્ડ લીટીગેશન પ્રોસેસ વિષયક એક દિવસીય રાજ્ય કક્ષાની કોન્ફરન્સનું આયોજન ગાંધીનગર ખાતે કરાયુ છે. નર્મદાખંડ, સ્વર્ણિમ સંકુલ-૧ ખાતે યોજાનાર આ કોન્ફરન્સને સવારે ૯.૩૦ કલાકે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ ખુલ્લી મૂકીને પ્રેરક માર્ગદર્શન આપશે. આ ઉદઘાટન સેશનમાં ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ આર. સુભાષ રેડ્ડી, કાયદામંત્રી પ્રદિપસિંહ જાડેજા, કાયદાપંચના અધ્યક્ષ અને ન્યાયમૂર્તિ એમ. વી. શાહ, એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી, મુખ્ય સચિવ જી. આર. અલોરિયા ચાવીરૂપ વકતવ્ય આપનાર છે.

દિવસભર યોજાનાર આ કોન્ફરન્સના ૩ સત્રોમાં મિલ્કતના માલિકી હક્કની સ્થિરતા અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રોડમેપ ફોર ગુજરાત, મહેસૂલી કાયદાઓ અને તેનો અમલ, મહેસુલી વહીવટમાં અદ્યતન સુધારા અને અભિગમ જેવા વિષયો પર વિષય નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન તથા ગ્રુપ ડિસ્કશન કરવામાં આવશે. આ કોન્ફરન્સનું તમામ જિલ્લાઓમાં વિડિયો કોન્ફરન્સથી જીવંત પ્રસારણ કરવામાં આવશે. આ કોન્ફરન્સમાં સુપ્રિમ કોર્ટના નિવૃત ન્યાયમૂર્તિ, ગવર્નમેન્ટ પ્લીડર, આસીસ્ટન્ટ ગવર્નમેન્ટ પ્લીડર, અન્ય નિષ્ણાતો, નિવૃત આઈ.એ.એસ., રાજ્યના તમામ કલેકટરો અને જિલ્લા સરકારી વકીલો ઉપસ્થિત રહેશે, એમ તકેદારી આયોગના સંયુકત સચિવની યાદીમાં જણાવાયું છે.

## ખૂણે ખાંચરેથી...

● કલોલ તાલુકાના જાસપુર ગામને પંચાયત ઘર અને સારૂ ક્વાટર્સના બાંધકામ માટે પ્રથમ હપ્તા પેટે સરકારે રૂ. પાંચ લાખ મંજૂર કર્યા છે.

● ગાંધીનગર જિલ્લાને સ્વચ્છતા મિશન અંતર્ગત રૂ. ૧૧ કરોડની ગ્રાન્ટ સરકારે ફાળવી છે.

● ગાંધીનગર શહેરમાં હજુ ચોમાસાનો માહોલ જામતો નથી જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં છુટા છવાયા વરસાદને પગલે વાવણીમાં ખેડૂતો મશગૂલ બન્યા છે.

● ગાંધીનગરના ખ-માર્ગને પહોળો કરવાની કામગીરી ધીમી હોવાથી વાહનચાલકોને હાલાકી પડી રહી છે.

● ગાંધીનગર જિલ્લાના આજે મુખ્યમંત્રી સ્વાગત ઓનલાઈનમાં ૮ જેટલા પ્રશ્નો રજુ થયા હતા.

● ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આજે મનરેગાની તપાસ માટે રાજ્યના અધિક કમિશનર ગયા હતા.

## ગાંધીનગર ખાતે પાકિસ્તાની નાગરિકોની એલટીવી અને સિટીઝનશીપની અરજીઓ માટે ખાસ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ગાંધીનગરની યાદીમાં જણાવ્યાનુસાર કેન્દ્રના ગૃહ વિભાગ દ્વારા આગામી તા.૨-૭-૨૦૧૬ના રોજ ગાંધીનગર ખાતે પાકિસ્તાની નાગરિકોની એલ.ટી.વી. અને સિટીઝનશીપની અરજીઓ માટે એક ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી, ગાંધીનગર ખાતે યોજાનાર કેમ્પમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલયના નિયામક (એફ.સી.આર.એ. એન્ડ એમ.યુ.) શ્રીમતી રાજા લક્ષ્મી દેવરાજ ઉપસ્થિત રહેશે. આ કેમ્પમાં સંબંધિત નાગરિકોને ભાગ લેવા યાદીમાં જણાવાયું છે.

## જિલ્લા ભાજપ દ્વારા બલિદાન દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૩

ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર જીલ્લા દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે,આજ રોજ તારીખ ૨૩-૬-૨૦૧૬ના ગુરુવારના રોજ ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી બલિદાન દિવસે ઉજવવાનો કાર્યક્રમ ગાંધીનગર તાલુકા મંડળ દ્વારા "શ્રી કમલમ" જીલ્લા કાર્યાલય સેકટર ૨૧ ખાતે કરવામાં આવેલ જનસંઘ વખતના સ્થાપક અને રાષ્ટ્રને સમર્પિતા એવા પ્રખર રાષ્ટ્રભકત ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી હતાં. કાશ્મીરના સંગ્રામની લડાઈ માટે તેઓએ બલીદાન આપ્યું હતું. આ દિવસને બલિદાન દિન તરીકે ઉજવીએ છીએ. આ પ્રસંગ ગાંધીનગર તાલુકા મંડળના મહામંત્રી રવિન્દ્રભાઈ પટેલ, રવજીજી જાદવ, મંડળના પદાધીકારી, જીલ્લા કાર્યાલય મંત્રીશ્રી, નરસિંહભાઈ પરમાર તથા સમગ્ર સ્ટાફ હાજર રહયો હતો.